સાયબર ગઠિયાઓની વધતી જાળમાં ફસાતા લોકો: વાપીમાં 'ડિજિટલ અરેસ્ટ' જેવો ખેલ

'તમારા ફોનમાં બ્લૂ ફિલ્મ ચાલુ છે'

વોટ્સએપ પર વિડીયો કોલ કરી પોલીસ ગેટઅપમાં ગઠિયાઓએ કેસ કરવાની ધમકી આપી ફાયર કર્મી પાસેથી 88 હજાર ખંખેરી લીધા

વાપીઃ વાપીની જાણીતી ખાનગી કંપનીમાં ફાયર કર્મીના મોબાઈલ વોટસએપ પર વિડીયો કોલ કરી પોલીસ અધિકારી છું કહીં બ્લૂ ફિલ્મની અલગ વેબસાઈટ ચાલુ છે, તે બંધ કરવાનું જણાવી તેને ડરાવી સાયબર ક્રાઈમ કેસ બનશેનું જણાવી રૂ.88,200 પડાવી લીધા હતા.

વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ મહારાષ્ટ્ર અને હાલ વાપી નજીક ચણોદ ગામ, સાગ ફળિયા, આશાપુરા રેસિડેન્સીમાં ભગવાન દગડુ પોદરે (ઉ.વ.36) રહે છે અને તેઓ વાપીની ખાનગી કંપનીમાં ફાયર વિભાગમાં સિનિયર ઓફિસર તરીકે 3 મહિનાથી નોકરી કરે છે. તા.6-11-25 ના રોજ તેમના મોબાઈલ ફોન ઉપર અજાણ્યાનો ફોન આવ્યો હતો અને તેણે મેં રામ પાંડે બોલ રહા હું આપ કે મોબાઈલ ક્રોમ બ્રાઉઝર એપ્લિકેશન મેં બ્લૂ ફિલ્મ કી અલગ વેબસાઈટ ચાલુ હે વો બંધ કરના પડેગા તો, મેરે સિનિયર સે બાત કરો કહી તેણે અન્ય નંબર પર કોલ ડાયવર્ટ કર્યો હતો અને તેણે વોટસએપ વિડીયો કોલ કર્યો હતો. જેમાં તેણે પોલીસ અધિકારીનો ડ્રેસ પહેરેલો હતો. આપકે ઉપર સાયબર ક્રાઈમ કા કેસ બન ગયા હે, ઉસ્કો રફાદફા કરના હે તો કહી મોબાઈલ નંબર પે પૈસા ભેજના પડેગા, કહી તેણે મોબાઈલ નંબર મોકલ્યો હતો. જેથી તેઓ ડરી ગયા હતા અને ગુગલ પે દ્વારા રૂ.16,500, અને રૂ.23 હજાર મોકલ્યા હતાં.

જે બાદ ફરીથી ફોન આવ્યો અને પૈસે કા ક્યા હુઆ, કેસ રફા-દફા કરના હેં તો ઈતના પૈસે સે ક્યા હોગા ઔર ભેજો નહીં તો સાયબર કેસ મેં જાઓ.. કહ્યું હતું. જેથી ફરીથી રૂ.27,700 અને રૂ.21 હજાર ટ્રાન્સફર કરી દીધા હતાં. તેમ છતાં અવાર-નવાર કોલ કરી સાયબર ક્રાઈમ કેસની ધમકી આપી પૈસાની માંગણી કરતા હોય જેથી તેણે ફોન કટ કરી દીધો હતો અને ઓનલાઈન ફ્રોડ થયેલ હોવાનો અહેસાસ થતાં ઠગાઈ કરનારા અજાણ્યા 3 ઈસમ સામે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકે ભગવાન પોદરેએ ફરિયાદ નોંધાવી હતી.

ગૂગલ સર્ચ કરી હેલ્પલાઈન પર ફોન કરતાં 60 હજાર ગુમાવ્યા

સરીગામની મહિલાએ ભૂલથી એરટેલ ટીવીનું રિચાર્જ થઈ જતાં રિફંડ મેળવવા કોલ કર્યો હતો

ઉમરગામઃ ઉમરગામના સરીગામ વિસ્તારમાં એક મહિલા સાથે રૂપિયા 60,000ની છેતરપિંડીની વધુ એક ઘટના પ્રકાશમાં આવી છે

પ્રાપ્ત સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ ઉમરગામ તાલુકાના સરીગામ બ્લોક ઓ સનસીટી સોસાયટીમાં રહેતી રંજનાબેન નવીનચંદ્ર વાઢૈયા (ઉ.વ.52)એ તા.12/5/2026 ના રોજ પોતાના મોબાઈલ ફોનમાં ગુગલ પેથી રિચાર્જ કરવા જતાં ભૂલથી એરટેલ કંપનીનું ટીવીનું રિચાર્જ કરી દીધું હતું એટલે એરટેલ કંપનીનો કસ્ટમર હેલ્પલાઇન નંબર તેના ઉપર રિફંડ માટે કમ્પ્લેન કરવા મોબાઈલ ફોનથી ગુગલ ઉપર સર્ચ કરતાં કસ્ટમર કેર હેલ્પલાઇનનો નંબર 8768549839 ઉપર ફોન કરતાં સામેથી એક પુરુષ વ્યક્તિએ ફોન રિસીવ કરી પૈસા રિફંડ કરવાની વાત કરી હતી. આ વ્યક્તિએ હિન્દીમાં whatsapp કોલિંગ કરવાનું કહ્યું હતું અને પાસવર્ડ નાખીને ચેક કરવાનું કહ્યું હતું. તે પછી પણ કોઈ રિફંડ આવ્યું ન હતું. અજાણ્યા શખ્સે ફરિયાદી મહિલાનો મોબાઇલ ફોન હેક કરી એચડીએફસી તથા bank of baroda ના એકાઉન્ટમાંથી 5,000 તથા 55000 મળી કુલ રૂપિયા 60,000 ઓનલાઈન ટ્રાન્સફર કરી છેતરપિંડી કરી હતી. સરીગામ પોલીસ સ્ટેશનમાં આ બનાવ અંગે તા.31/5/2026 ના રોજ રંજનબેને ફરિયાદ આપતા પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

વાપીમાં મહિલાના બેંક ખાતામાંથી 95 હજાર બારોબાર ઉપડી ગયા

વાપીઃ વાપીમાં મહિલાના બેંક ખાતામાંથી રૂ.95 હજાર ટ્રાન્સફર થઈ ગયા હતા મૂળ યુપી અને હાલ વાપી છરવાડા, ઓમસાંઈ બિલ્ડીંગમાં પંકજકુમાર રાધારમણ મિશ્રા (ઉ.વ.43) રહે છે. ગત તા.28-1-26 ના રોજ બપોરના સમયે ફોન ઉપર પંજાબ નેશનલ બેંકમાંથી ડેબિટ ટેક્સ મેસેજ આવેલો જેમાં રૂ.95 હજારનું ટ્રાન્જેક્શન થયું હતું. જે બાદ તેઓ વાપી ગુંજન સ્થિત બેંકમાં ગયા અને મેનેજરને મળી મોબાઈલ ફોન પે એપ્લિકેશન મારફત રૂ.95 હજારનું ટ્રાન્સફર થયાનું જણાવ્યું હતું. તેમની માતાના બેંક ખાતામાં લિંકેડ ફોન પે એપ્લિકેશન દ્વારા અજાણ ઈસમે ઓનલાઈન ટ્રાન્જેક્શન કરી સાયબર ક્રાઈમ ફ્રોડ કર્યો હતો. આ છેતરપિંડીના બનાવ અંગેની ફરિયાદ પંકજકુમારે વાપી ડુંગરા પોલીસ મથકે કરી હતી.

વાપીમાં ખોદકામ વેળા ગેસલાઈન તૂટતા હોટલમાં આગ, બે દાઝયા

ટેલિકમ્યુનિકેશન કંપની દ્વારા જૂના ફાટક પાસે ખોદકામની કામગીરી ચાલી રહી હતી

વાપીઃ ટેલિકમ્યુનિકેશન કંપની દ્વારા વાપી જૂના ફાટક પાસે ખોદકામ કરવાની કામગીરી ચાલી રહી હતી. આ કામગીરી વેળા ગેસની પાઈપલાઈન તૂટી ગઈ હતી અને આગ ભડકી ઊઠી હતી અને નજીકમાં જ આવેલી એક હોટલને ચપેટમાં લીધી હતી. આગ જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને હોટલ બળીને ખાખ થઈ ગઈ હતી. હોટલમાં કામ કરનારા બે લોકો દાઝયા હતાં.

ખોદકામ કરનારાઓને આ વિસ્તારમાંથી ગેસપાઈપ લાઈન પસાર થયેલી હોવાની જાણ કરવામાં આવી હતી. તેમ છતાં કોઈ ધ્યાન આપ્યું ન હતું અને ખોદકામ ચાલુ રાખ્યું હતું અને જેનો ડર હતો તે થયું.

ખોદકામ કરતી વેળા પસાર થયેલ ગેસપાઈપ લાઈન તૂટી ગઈ હતી અને આગ ફાટી નીકળી હતી. આગ લાગતા જ આસપાસના લોકોમાં ભાગદોડ મચી ગઈ હતી. આગની ચપેટમાં નજીકમાં આવેલી હોટલ લક્ષ્મી રેસ્ટોરન્ટ આવી ગઈ હતી. આગની જાણ તરત જ ફાયર વિભાગ, પોલીસ અને 108 એમ્બ્યુલન્સ ટીમને કરવામાં આવી હતી. બનાવ સ્થળે વાપી મનપાની 2 અને નોટિફાઈડની એક મળી કુલ 3 ફાયર ગાડી ટીમ સાથે આવી પહોંચી હતી. જેમાં મનપાની એક નાની ફાયર ગાડી અંડરપાસમાંથી આવી પહોંચી હતી. ફાયર ટીમ દ્વારા પાણીનો મારો ચલાવી પોણો કલાકની જહેમતે આગ ઉપર કાબૂ મેળવી લીધો હતો. આગના બનાવમાં હોટલના કામદાર અનિકેત (ઉ.વ.26) અને હકીમ અન્સારી (ઉ.વ.45) દાઝી ગયા હતા અને તેઓને તરત જ 108 એમ્બ્યુલન્સ દ્વારા વાપીની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડયા હતાં. આગની ચપેટમાં આવેલી હોટલને મોટી માત્રામાં નુકસાનન પહોંચ્યું હતું.

ગુંદલાવની ડેમોસામાં કામદારો અને મેનેજમેન્ટ વચ્ચે ફરી વિવાદ

સમજૂતી મુજબ વર્તવામાં કંપનીના સંચાલકો નિષ્ફળ રહ્યા, કામદારો સરપંચો સમક્ષ રજૂઆત કરવા પહોંચ્યા

વલસાડઃ વલસાડ ગુંદલાવ ગામે આવેલી જાણીતી કંપની 'ડેમોસા'માં વર્કરો અને કંપની મેનેજમેન્ટ વચ્ચે ચાલી રહેલો વિવાદ ફરી એકવાર વકર્યો છે. અગાઉ થયેલી સમજૂતીનો અમલ ન થતાં નારાજ કામદારો ન્યાયની આશાએ સ્થાનિક સરપંચ પાસે પહોંચ્યા હતા.

મળતી માહિતી મુજબ, વલસાડ નજીકના ગુંદલાવ ડેમોસા કંપનીના કામદારો અને મેનેજમેન્ટ વચ્ચે લાંબા સમયથી પ્રશ્નો ચાલી રહ્યા હતાં. આ બાબતે ગત ૨૭ એપ્રિલ, ૨૦૨૬ના રોજ કંપનીના મેનેજર અને સ્થાનિક સરપંચો વચ્ચે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં બંને પક્ષો વચ્ચે સુખદ સમાધાન થયું હતું. આ સમાધાન અંતર્ગત સરપંચોએ મધ્યસ્થી તરીકેની ભૂમિકા ભજવીને સુલેહ-શાંતિ કરાવી હતી. કંપનીએ લેખિત બાંહેધરી આપી હતી કે 'A, B, C' ના શિડ્યુલ પ્રમાણે ૧લી તારીખથી તમામ વર્કરોને વિના શરતે તબક્કાવાર રીતે નોકરી પર પરત લેવામાં આવશે અને કોઈ પણ કામદારને છૂટો કરવામાં નહીં આવે. પની દ્વારા આપવામાં આવેલી બાંહેધરીનું પાલન કરવામાં આવ્યું ન હોય ડેમોસા કંપનીના તમામ વર્કરો ફરી એકવાર સરપંચો સમક્ષ આવી સમાધાનની વાતચીત કરી હતી.

તિથલ દરિયામાં મોટી ભરતીમાં સહેલાણીઓની જોખમી મજા

વલસાડના તિથલના દરિયામાં આજરોજ મોટી ભરતી હોવાના કારણે કિનારે મોટા મોજાઓ ઉછળ્યા હતા. સહેલાણીઓએ જીવના જોખમે ભરતીના મોજા સાથે મસ્તી કરતાં જોવા મળ્યા હતાં. જો કોઈ મોટી ઘટના સર્જાઈ હોત તો તેની જવાબદારી કોના શિરે.?

ઉમરગામના યુવક સાથે લક્ઝમબર્ગમાં નોકરીની લાલચે રૂ.3.06 લાખની ઠગાઈ

ગૂગલ પર મળેલા પંજાબના કન્સલટન્ટે પૈસા પડાવી હાથ ઊંચા કરી દીધા

ઉમરગામઃ ઉમરગામના યુવાનને લક્ઝમબર્ગ દેશમાં નોકરી અપાવવાની લાલચ આપી રૂપિયા 3,06,335 ખંખેરી લઈ છેતરપિંડી કરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાય છે.

પ્રાપ્ત પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ હાલમાં ઉમરગામ ટાઉન મૂળ પળગામ ગામ ખાતે માહયાવંશી ફળિયામાં રહેતા ફરિયાદી સુનિલભાઈ દયારામભાઈ માહ્યાવંશી (ઉ.વ.41) વિદેશમાં નોકરી કરવા જવા માંગતો હોય ગૂગલ ઉપર વર્ક વિઝા માટે માહિતી શોધી રહ્યો હતો તે વખતે કોમન વેલ્થ કન્સલ્ટન નામની મોહાલી પંજાબ ખાતે આવેલી કંપની યુરોપિયન દેશોમાં કસ્ટમરને નોકરી અપાવવાનું ને વિઝા આપવાનો કામ કરતી હોવાનું જણાયું હતું. કોમનવેલ્થ કન્સલ્ટનના સંચાલક આદિત્ય સાચું નામ કમલ ભંડારી તથા પૂજા ઉર્ફે યાસીકા અને એક અજાણ્યા શખ્સના સંપર્કમાં આવ્યો હતો. આ શખ્સોએ લક્ઝમબર્ગ દેશમાં નોકરી માટે વર્ક વિઝા અપાવવાની વાતો કરી તારીખ 20/8/2025 થી 22/2/2026 દરમિયાન રૂપિયા 3,06,335 પડાવી લીધા હતા અને ખોટા ખોટા વાયદાઓ કરી વર્ક વિઝા આપ્યા ન હતા અને પરત પૈસા પણ ન આપી છેતરપિંડી કરી હતી. આ બનાવની ઉમરગામ પોલીસમાં ફરિયાદ સુનિલભાઈ માહ્યાવંશીએ આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

નદીમાં પત્નીની લાશ ફેંકનાર પતિ, તેનો મિત્ર 5 દિવસના રિમાન્ડ પર

વાપીના કચીગામ રોડ પર બનેલી ઘટનામાં પતિએ પત્નીને ત્રાસ આપી આત્મહત્યા કરવા મજબૂર કરી હતી

વાપીઃ વાપીના કચીગામ રોડ પર આવેલા મહેલ એપાર્ટમેન્ટમાં પત્નીને શારીરિક-માનસિક ત્રાસ આપી આત્મહત્યા કરવા મજબૂર કરવાના અને ત્યાર બાદ પુરાવાનો નાશ કરવા માટે તેની લાશને ટ્રોલી બેગમાં ભરી દમણગંગા નદીમાં ફેંકી દેવાના ગુનામાં વાપી ટાઉન પોલીસે મુખ્ય આરોપી પતિ અને તેના મિત્રની અટકાયત કરી છે.

મૂળ ઉત્તર પ્રદેશના ગોરાસડા ગામના ૨૫ વર્ષીય ઈરફાન ઈર્શાદખાન મુસ્તુફા ખાને પોતાની ૨૩ વર્ષીય પત્ની ખુશ્બુ સાથે ગત તારીખ ૨૩/૦૫/૨૦૨૬ના રોજ ઝઘડો અને મારઝૂડ કરી તેને રૂમમાં પૂરી દીધી હતી. પતિના આ અસહ્ય ત્રાસથી કંટાળી જઈને ખુશ્બુએ રૂમની અંદર ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. ગુનો છૂપાવવા મિત્ર વિરેન્દ્ર કન્તા રાજદેવ ગૌડની મદદથી પત્નીની લાશને દમણગંગા નદીના પુલ પર લઈ જઈ પાણીમાં ફેંકી દીધી હતી. ગુનાની ઊંડાણપૂર્વક તપાસ કરવા અને ગુનામાં વપરાયેલી ટ્રોલી બેગ, મોટરસાઈકલ, આરોપીઓના કપડાં તેમજ મૃતક નો મોબાઈલ ફોન અને ફાંસો ખાવા માટે વપરાયેલો દુપટ્ટો રિકવર કરવા માટે પોલીસે આરોપીઓને સાથે રાખી ઘટનાસ્થળનું રીકન્સ્ટ્રક્શન કરવાની તજવીજ હાથ ધરી છે. આ ઉપરાંત આરોપીઓ કયા માર્ગેથી નદી સુધી પહોંચ્યા તે રૂટના સીસીટીવી ફૂટેજ મેળવવા, મોબાઈલ ફોનની કોલ ડિટેઈલ (CDR)ના આધારે લોકેશનની ખરાઈ કરવા સહિતની તપાસ માટે વાપી ટાઉન પોલીસે આરોપીઓના દિન-પના પોલીસ કસ્ટડી રિમાન્ડ માંગ્યા હતા. વાપી કોર્ટે 5 જૂન સુધીના બંને આરોપીના રિમાન્ડની મંજૂર કર્યા હતા.

વાપીમાં ધમકાવી રૂ. 90 હજાર પડાવનારનાં આગોતરા નામંજૂર

વલસાડઃ વાપીમાં પાનના ગલ્લાવાળાને ધમકાવી રૂ.90 હજાર પડાવી લેવાના કેસમાં આરોપીએ સંભવિત પોલીસ ધરપકડથી બચવા વાપીની એડિશનલ સેસન્સ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. જેની સુનાવણી હાથ ધરાતા જજ એચ. જે. પંડ્યાએ ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી આગોતરા જામીન અરજી નામંજૂર કરી છે. વાપીના વિશાલ ગોફળભાઈ ભરવાડે વાપી બલીઠા વિસ્તારમાં પાનનો ગલ્લો ચલાવતા સુરજ પાન્ડેને ગાંજાના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી અને તેને ક્રેટા કારમાં અપહરણ કરી જઈ રૂ.90 હજાર પડાવી લીધા હતાં. આ અંગે સુરજે વાપી ટાઉન પોલીસમથકે ફરિયાદ કરી હતી.

જૂના સિક્યુરિટી ગાર્ડસને પુનઃ નોકરી પર લેવાની માંગ

ધરમપુર સ્થિત જિલ્લા વિજ્ઞાન કેન્દ્રમાં વર્ષોથી ફરજ બજાવતા હતા

ધરમપુરઃ ધરમપુર સ્થિત જિલ્લા વિજ્ઞાન કેન્દ્રમાં વર્ષોથી ફરજ બજાવતા જૂના સિક્યુરિટી ગાર્ડસને ફરી નોકરીમાં સમાવવા માંગ સાથે સોમવારથી મુખ્ય ગેટ બહાર ધરણા કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. આ ધરણાને તાલુકા કોંગ્રેસ ધરમપુર અને જિલ્લા કોંગ્રેસ વલસાડનો સહયોગ મળ્યો છે.

ધરણાકારીઓના જણાવ્યા મુજબ તેઓ છેલ્લા 3થી 30 વર્ષ સુધી વિવિધ એજન્સીઓ હેઠળ કોન્ટ્રાક્ટ આધારે સેવા આપતા હતાં. પરંતુ નવી સિક્યુરિટી એજન્સીને કોન્ટ્રાક્ટ મળ્યા બાદ કોઈ પૂર્વ જાણ કર્યા વગર તેમને ફરજ પરથી દૂર કરી નવા ગાર્ડસની નિમણૂંક કરવામાં આવી હોવાનું તેમણે આક્ષેપ કર્યો હતો. આ અંગે અગાઉ જિલ્લા કલેક્ટરને પણ રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ યોગ્ય નિરાકરણ ન આવતા કર્મચારીઓએ ધરણાનો માર્ગ અપનાવ્યો છે. તેમણે પોતાની રોજગારી પુનઃસ્થાપિત કરી ન્યાય આપવાની માંગ કરી હતી. ધરણાના પ્રથમ દિવસે પૂર્વ સાંસદ કિશનભાઈ પટેલ, તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ સુરેશભાઈ પટેલ, તાલુકા પંચાયત સભ્ય રસિકભાઈ પટેલ, મહામંત્રી મુફિદ પઠાણ અને શહેર કોંગ્રેસ પ્રમુખ નિર્મલ સુરતી સહિતના આગેવાનોએ હાજરી આપી સમર્થન જાહેર કર્યું હતું.

ગુંદલાવ સર્વિસ રોડ પર કાર થાંભલા સાથે અથડાતાં ફોરેસ્ટ કર્મીનું મોત

મોગરાવાડીથી ચીખલી ઓફિસ જવા નીકળ્યા હતા

વલસાડઃ વલસાડના ગુંદલાવ નજીક ધરમપુર ચોકડીથી ગુંદલાવ તરફ આવતા સર્વિસ રોડ પર કાર લોખંડના થાંભલા સાથે ધડાકાભેર અથડાતાં કારચાલક એવા ફોરેસ્ટ કર્મી યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. તા.૩૧/૦૫/૨૦૨૬ ના રોજ ૦૨:૦૦ વાગ્યાના સુમારે મરલા ગામના કોલા ફળિયાના વતની અને હાલ વલસાડની મોગરાવાડી સાંઈ પાર્ક સોસાયટીમાં રહેતા હેમાંશુકુમાર કાંતિલાલ પટેલ પોતાની સફેદ કલરની સ્વીફ્ટ ડીઝાયર કાર (નં. GJ 15 CJ 9665) લઈને ચીખલી ઓફિસે જવા નીકળ્યા હતાં. ધરમપુર ચોકડીથી ગુંદલાવ તરફ આવતા ડાબી સાઈડના સર્વિસ રોડ પર તેમની કાર લોખંડના થાંભલા સાથે ભટકાતા તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. લોહીલુહાણ હાલતમાં તેમને વલસાડની ખાનગી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું.

વલસાડમાં મોપેડ ચાલકની ટક્કરે પ્રૌઢનું મોત

વલસાડઃ ઠાકોરભાઇ છગનભાઇ પટેલ (ઉ.વ.59, રહે., પ્રભાત એવન્યુ, ભાગડાવડા, વલસાડ) ગત તારીખ 30/05/2026 ના રોજ સાંજે પ્લેઝર મોપેડ (નં. GJ 15 DG 9609) લઈને ઘર તરફ આવી રહ્યા હતા. તે દરમિયાન દાદીયા ફળિયા ભાગડાવડા કોસંબા તરફ જતાં રોડ પર સામેથી આવી રહેલી ઇલેક્ટ્રીક મોપેડ (નં. GJ 15 EA 2396) ના અજાણ્યા ચાલકે ઠાકોરભાઈની મોપેડને જોરદાર ટક્કર મારતા તેમને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

મોટી ઢોલડુંગરી ગામનાં સરપંચનો ચાર્જ ડેપ્યુટી સરપંચને અપાયો



ધરમપુરઃ ધરમપુરના સમરસ ગ્રામપંચાયત મોટી ઢોલડુંગરી ગામે સરપંચ સુનિતાબેન કલપેશ પટેલ તાલુકા પંચાયતમાં અપક્ષ સભ્ય તરીકે ચૂંટાયા હતા અને જેમની જગ્યા ખાલી પડતા સર્વ સંમતિથી ગામના ડેપ્યુટી સરપંચ વિલિયમ પટેલને તલાટી કમ મંત્રી ઉષાબેન પટેલ અને ગ્રામ પંચાયત સભ્યો અને ગામના વડીલો આગેવાનોની હાજરીમાં સરપંચ તરીકેનો ચાર્જ આપવામાં આવ્યો હતો. જેમાં ગ્રામ પંચાયતના સભ્ય ઉમેદભાઈ, તથા સભ્યો મગનભાઈ, મહેન્દ્રભાઈ, જયેશભાઈ, નયનભાઈ, સુનિલભાઈ સહિત મોટી સંખ્યામાં ગામ લોકો હાજર રહ્યા હતાં.

વલસાડ-જોધપુર સાપ્તાહિક ટ્રેન હવે ભગત કી કોઠી સુધી દોડશે

વલસાડઃ મુસાફરોને વધુ સારી સુવિધા રહે તે માટે પશ્ચિમ રેલવે દ્વારા વલસાડ- જોધપુર- વલસાડ સાપ્તાહિક એક્સપ્રેસના ટર્મિનલ સ્ટેશનમાં કાયમી ફેરફાર કરવામાં આવ્યો છે. હવે આ ટ્રેન જોધપુર જંક્શન (JU)ના સ્થાને હવે ભગત કી કોઠી (BGKT) સ્ટેશન સુધી ચલાવવામાં આવશે.

પશ્ચિમ રેલવેની અખબારી યાદી મુજબ, ટ્રેન સંખ્યા 22991 વલસાડ - ભગત કી કોઠી સાપ્તાહિક એક્સપ્રેસ જે હાલમાં જોધપુર જંક્શન સુધી દોડતી આ ટ્રેન 02 જૂન 2026થી ભગત કી કોઠી (BGKT) સુધી જશે. આ ટ્રેન સવારે 08:00 વાગ્યે ભગત કી કોઠી સ્ટેશને પહોંચશે.

ટ્રેન સંખ્યા 22992 ભગત કી કોઠી- વલસાડ સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન 03 જૂન 2026થી ભગત કી કોઠી સ્ટેશનથી સાંજે 19:30 વાગ્યે ઉપડશે અને તેના નિર્ધારિત સમય મુજબ વલસાડ પહોંચશે.

જાહેર નોટીસ

મોજેઃ જમાલપોર, તા. નવસારી શહેર, જી. નવસારીની રાધેશ્યામ સોસાયટીમાં આવેલ સર્વે નં. ૩૬/પૈકી પ્લોટ નં. ૧૨૫ ક્ષેત્રફળ ૨૫૩.૫૯ ચો.મી. વાળી બીન ખેતીનો ખુલ્લો પ્લોટ વાળી મિલકતના માલીક વીના જીતેન્દ્રકુમાર ગોવિંદાણીની માલીકીની તથા કબજા ભોગવટાવાળી મિલકત ચાલી આવેલ હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી ઉપરોક્ત મિલકતમાં અન્ય કોઈના કાંઈપણ પ્રકારના લાગભાગ, દરદાવો, હકક, હિસ્સો, હિત, સંબંધ, ગણોત હકક, દરમેલ હકક, ખાધાખોરાક યા લીયનનાં હકકો યા ઈઝમેન્ટનાં હકકો યા બેંક, મંડળી, સંસ્થા, રાજ્ય સરકારનાં કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય યા વેચાણ વિરુધ્ધ વાંધો હોય તો તેમણે આધારભૂત લેખીત પુરાવા સહિત આ નોટીશ પ્રસિધ્ધિ થયેથી દિન-૭ માં હમોને લેખીતમાં જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવા કોઈ હકક, વાંધા રજુ થશે નહીં તો કોઈના હકક દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે યાને વેવ કર્યા છે, તેવું માની હમારા અસીલ સદરહું જમીનનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ ભવિષ્યમાં મિલકતનાં ટાઈટલ અંગે કોઈની કાંઈપણ તર-તકરાર તથા વાંધા-વચકા ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

મારી સુચનાથી, અસીલની સુચના અને ફરમાઈશથી,

તા. ૦૧-૦૬-૨૦૨૬ **હિમાંશુ એસ. ખોજા** (એડવોકેટ)

૯, વ્હાઈટ હાઉસ એપાર્ટમેન્ટ, કલેકટર ઓફિસ નજીક, કાલિયાવાડી, તા. જી. નવસારી-૩૯૬૪૪૫. મો. 99090 89802

હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસઃ ૦૯, કમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી - ૧૧૦૦૫૭
ફોનઃ ૦૧૧૪૯૨૬૭૦૦૦, ટોલ ફ્રી નંબરઃ ૧૮૦૦ ૨૧૨ ૮૮૦૦, ઇમેલઃ customer.care@herohfl.com
વેબસાઇટઃ www.herohousingfinance.com, CIN: U65192DL2016PLC30148
સંપર્ક સરનામુંઃ શોપ નં. ૩, બીજો માળ, પાર્શ્વનાથ શોપિંગ સેન્ટર, રેવન્યુ સર્વે નં. ૧૧૫/૧, પૈકી પ્લોટ નં. ૧, નવસારી, ગુજરાત - ૩૯૬૪૪૫.

કબજા નોટિસ (અચળ મિલ્કત માટે)

(સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮(૧) સાથે વાંચવા યોગ્ય એપેન્ડિક્સ-IV મુજબ)

આથી નીચે સહી કરનાર, હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી તરીકે, સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ તથા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વાંચવા યોગ્ય કલમ ૧૩(૧૨) હેઠળ પ્રદાન કરાયેલ સત્તાઓનો ઉપયોગ કરતાં, નીચે દર્શાવ્યા મુજબની ડિમાન્ડ નોટિસો જારી કરી હતી, જેમાં ઉધાર લેનાર(ઓ)ને સંબંધિત નોટિસની તારીખથી ૬૦ દિવસની અંદર નોટિસમાં દર્શાવેલ બાકી રકમની ચુકવણી કરવા જણાવવામાં આવ્યું હતું.

ઉધાર લેનાર દ્વારા બાકી રકમની ચુકવણી કરવામાં નિષ્ફળતા જતા, ઉધાર લેનારને ખાસ કરીને અને સામાન્ય જનતાને આ દ્વારા જાણ કરવામાં આવે છે કે હસ્તાક્ષર કરનાર અધિકારીએ ઉપરોક્ત એક્ટની કલમ ૧૩(૪) તથા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ હેઠળ પ્રાપ્ત સત્તાઓનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલ્કતનો કબજો મેળવી લીધો છે.

ઉધાર લેનારને ખાસ કરીને તથા સામાન્ય જનતાને સામાન્ય રીતે ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલ્કત સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર ન કરે. મિલ્કત સંબંધિત કોઈપણ વ્યવહાર નીચે દર્શાવેલ બાકી રકમ તેમજ તેના ઉપરનું વ્યાજ, દંડાત્મક વ્યાજ, ચાર્જિસ, ખર્ચ વગેરે માટે હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના હક અને ચાર્જને આધીન રહેશે.

ઉધાર લેનારનું ધ્યાન સુરક્ષિત સંપત્તિના મુક્તિ (રીડેમ્પશન) માટે ઉપલબ્ધ સમય અંગે એક્ટની કલમ ૧૩ ની પેટા-કલમ (૮) ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

લોન એકાઉન્ટ નં.	બાધ્યકર્તા(ઓ)/કાનૂની વારસદાર(ઓ)/કાનૂની પ્રતિનિધિ(ઓ) નું નામ	ડિમાન્ડ નોટિસની તારીખ / ડિમાન્ડ નોટિસ મુજબ બાકી રકમ	કબજાની તારીખ (રચનાત્મક/ભૌતિક)
HHFNVSHOU24000051957, HHFNVSIPL24000051960	તબસુમ સિદીક સૈયદ, સિદીક રશીદ સૈયદ	૧૨-૦૩-૨૦૨૬ રૂ. ૧૯,૪૩,૫૧૫/- (૧૨-૦૩-૨૦૨૬ ના રોજ બાકી)	૨૯.૦૫.૨૦૨૬ (સાંકેતિક કબજો)

સુરક્ષિત સંપત્તિ/અચળ મિલ્કતનું વર્ણનઃ "રોયલ પેલેસ-બી" માં આવેલ ચોથા માળ પરનો ફ્લેટ નં. ૪૦૩, જેનો વિસ્તાર ૯૪૦ ચોરસ ફૂટ (અર્થાત્ ૮૭.૩૬ ચોરસ મીટર) છે, તેમજ જમીનમાં ૧૪.૩૮ ચોરસ મીટરનો અવિભાજિત હિસ્સો ધરાવે છે. આ મિલ્કત સિટી સર્વે નં. ૫૧, ૫૦ અને ૫૪ ધરાવતી કુલ ૩૪૩.૬૪.૯૨ ચોરસ મીટર તથા પૈકી ૨૧૫.૭૨.૧૪ ચોરસ મીટર જમીન પર આવેલ છે. તે વોર્ડ નં. ૪, ટીકા નં. ૧૦/૨, હાઉસ નં. ૧૫૪૫/૪૦૩, પી.ટી. વોર્ડ નં. ૪, ટેનામેન્ટ નં. ૧૦૦૪૭૮૯/૦ (જૂનો ટેનામેન્ટ નં. ૪૮૦૯/૦), મોજે નવસારી, તા. નવસારી, જી. નવસારી, ગુજરાત રાજ્યમાં સ્થિત છે. ટાઇટલ દસ્તાવેજમાં દર્શાવેલ સામાન્ય સુવિધાઓ સાથેની આ મિલ્કતની ચતુર્દિશા નીચે મુજબ છેઃ ઉત્તરઃ કોમન પેસેજ દક્ષિણઃ રોડ પૂર્વઃ ફ્લેટ નં. ૪૦૨ પશ્ચિમઃ દશામાતા મંદિર

તારીખઃ ૦૨.૦૬.૨૦૨૬ સ્થળઃ નવસારી
સહી/- અધિકૃત અધિકારી
હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ